ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૨૦૫૮૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૦૨/૨૦/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

(૧૧)

ક્રમાંક:મઉમશબ/શાનિ/૧૮૪૯-૮૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જુના સચિવાલય પાસે, સેક્ટર-૧૦/બી,
ગાંધીનગર.
તા. 29-9-26

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી 4453
30/09/2026
કચેરીની સહી.....................

- Excel Sheet

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
ગુજરાત રાજ્ય (તમામ જિલ્લા).

વિષય: Performance Grading Index (PGI) અંતર્ગત શાળાઓમાં નિયત ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો પરિપત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/5855/CHH, તારીખ: ૧૪/૦૯/૨૦૨૬.

શ્રીમાન,

શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત પરિપત્રમાં જણાવ્યા મુજબ PGI (પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ) એ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય (Ministry of Education) દ્વારા શરૂ કરવામાં આવેલ એક ઇન્ડેક્સ (સૂચકાંક) છે જેનો મુખ્ય હેતુ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (તથા જિલ્લાઓ)માં શાળાકીય શિક્ષણ પ્રણાલીની સ્થિતિ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાનો છે. PGI હેઠળ શિક્ષણ ક્ષેત્રે રાજ્યોની કામગીરીને અલગ-અલગ માપદંડો (જેમ કે અભ્યાસનું સ્તર, શાળાકીય સુવિધાઓ, સમાનતા અને વહીવટ) ના આધારે ગ્રેડ આપવામાં આવે છે.

PGIએ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક સુધારા લાવવા માટેનું એક અત્યંત મહત્વપૂર્ણ સાધન છે, જેના દ્વારા રાજ્યોને શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે જરૂરી ક્ષેત્ર ઓળખવામાં મદદ મળે છે; શાળાકીય માળખાકીય સુવિધાઓ, પીવાના પાણી, શૌચાલય અને ડિજિટલ સાધનો અંગે સ્પષ્ટ સ્થિતિ જાણી શકાય છે; રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે ઉત્કૃષ્ટ દેખાવ કરવા માટે તંદુરસ્ત સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું થાય છે; સરકારો અનુમાનને બદલે સચોટ ડેટાના આધારે અસરકારક શૈક્ષણિક નીતિઓ અને બજેટનું આયોજન કરી શકે છે; તેમજ દરેક બાળક સુધી સમાન અને યોગ્ય શિક્ષણ પહોંચે છે કે નહીં તેનું સતત નિરીક્ષણ શક્ય બને છે.

ઉપરોક્ત વિગતે PGI રેન્કિંગમાં ગુજરાત રાજ્ય દેશભરમાં શ્રેષ્ઠ અને અગ્રણી સ્થાન પ્રાપ્ત કરે તેવા સુસ્પષ્ટ સંકલ્પ સાથે શિક્ષણ વિભાગ દ્વારા કુલ 101 ઇન્ડિકેટર્સ પૈકી ઝડપી સુધારાની શ્રેષ્ઠ તકો ધરાવતા 23 અગ્રતા આધારિત (Priority) ઇન્ડિકેટર્સની વિશેષ પસંદગી કરવામાં આવેલ છે. આ 23 ઉત્કૃષ્ટ ઇન્ડિકેટર્સ પર સમયબદ્ધ અને સુયોજિત અમલીકરણ કરીને રાજ્યના કુલ સ્કોરમાં નોંધપાત્ર વધારો હાંસલ કરવા શિક્ષણ વિભાગ દ્વારા ઝડપી પ્રગતિની તકો ધરાવતા નીચે મુજબના અગ્રતા આધારિત (Priority) ઇન્ડિકેટર્સ પર સમયબદ્ધ કામગીરી કરવાનું નિયત થયેલ છે.

રાજ્યના કુલ સ્કોરમાં સર્વાંગી વધારો હાંસલ કરવાના સુસ્પષ્ટ સંકલ્પ સાથે, જિલ્લાની તમામ ગ્રાન્ટ-ઇન-એઇડ (અનુદાનિત) અને નોન-ગ્રાન્ટ-ઇન-એઇડ (સ્વનિર્ભર) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઈઓ અનુસાર પ્રવર્તમાન પરિસ્થિતિને અનુરૂપ નીચે દર્શાવેલ ઇન્ડિકેટર્સ મુજબની ભૌતિક તથા માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની થાય છે:

- માધ્યમિક સ્તર (ધોરણ-૯ અને ૧૦) સુધી શિક્ષણ આપતી તમામ ગ્રાન્ટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર શાળાઓમાં વિજ્ઞાન વિષયના પ્રાયોગિક શિક્ષણ માટે સુસજ્જ સંકલિત પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.
- શાળાકીય સ્તરે આધુનિક ટેકનોલોજીના વિનિયોગ અને ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્માર્ટ ક્લાસની કાર્યરત સુવિધા સુનિશ્ચિત કરવાની રહેશે.
- કિશોરીઓની શારીરિક આરોગ્ય વિષયક અને વ્યક્તિગત સ્વચ્છતાની જરૂરિયાતોને ધ્યાને રાખી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધરાવતી તમામ સહ-શિક્ષણ (Co-ed) અને માત્ર કન્યાઓ માટેની શાળાઓમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીન સુવિધા ઊભી કરવાની રહેશે.
- પર્યાવરણ અને આરોગ્યની જાળવણીના ભાગરૂપે, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધરાવતી તમામ સહ-શિક્ષણ (Co-ed) અને કન્યા શાળાઓના કન્યા શૌચાલયો (Girls Toilets) માં વપરાયેલા સેનિટરી પેડ્સના યોગ્ય નિકાલ માટે કાર્યરત ઇન્સિનરેટરની સુવિધા રાખવાની રહેશે.

ઉપરોક્ત તમામ સુવિધાઓ આપના જિલ્લાની ગ્રાન્ટ-ઇન-એઈડ અને નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ (સ્વનિર્ભર) શાળાઓમાં ઉપલબ્ધ થાય તે અંગેની જરૂરી કાર્યવાહી કરવા આપના તાબા હેઠળની તમામ ગ્રાન્ટ-ઇન-એઈડ અને નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ (સ્વનિર્ભર) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ.

Performance Grading Index (PGI) હેઠળ રાજ્યનો સ્કોર સુધારવા અગ્રતા ધરાવતા ૨૩ ઇન્ડિકેટર્સ પર સમયબદ્ધ કામગીરી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/5855/CHH
સચિવાલય, ગાંધીનગર
તારીખ: e-Sign મુજબ

વંચાણે લીધા:

(૧) શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ PGI રિપોર્ટ વર્ષ 2025-26.

આમુખ :

PGI (પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ) એ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય (Ministry of Education) દ્વારા શરૂ કરવામાં આવેલ એક ઇન્ડેક્સ (સૂચકાંક) છે, જેનો મુખ્ય હેતુ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (તથા જિલ્લાઓ)માં શાળાકીય શિક્ષણ પ્રણાલીની સ્થિતિ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાનો છે. PGI હેઠળ શિક્ષણ ક્ષેત્રે રાજ્યોની કામગીરીને અલગ-અલગ માપદંડો (જેમ કે અભ્યાસનું સ્તર, શાળાકીય સુવિધાઓ, સમાનતા અને વહીવટ) ના આધારે ગ્રેડ આપવામાં આવે છે.

PGIએ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક સુધારા લાવવા માટેનું એક અત્યંત મહત્વપૂર્ણ સાધન છે, જેના દ્વારા રાજ્યોને શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે જરૂરી ક્ષેત્ર ઓળખવામાં મદદ મળે છે; શાળાકીય માળખાકીય સુવિધાઓ, પીવાના પાણી, શૌચાલય અને ડિજિટલ સાધનો અંગે સ્પષ્ટ સ્થિતિ જાણી શકાય છે; રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે ઉત્કૃષ્ટ દેખાવ કરવા માટે તંદુરસ્ત સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું થાય છે; સરકારો અનુમાનને બદલે સચોટ ડેટાના આધારે અસરકારક શૈક્ષણિક નીતિઓ અને બજેટનું આયોજન કરી શકે છે; તેમજ દરેક બાળક સુધી સમાન અને યોગ્ય શિક્ષણ પહોંચે છે કે નહીં તેનું સતત નિરીક્ષણ શક્ય બને છે.

પરિપત્ર :

PGI રેન્કિંગમાં ગુજરાત રાજ્ય દેશભરમાં શ્રેષ્ઠ અને અગ્રણી સ્થાન પ્રાપ્ત કરે તેવા સુસ્પષ્ટ સંકલ્પ સાથે, શિક્ષણ વિભાગ દ્વારા કુલ ૧૦૧ ઇન્ડિકેટર્સ પૈકી ઝડપી સુધારાની શ્રેષ્ઠ તકો ધરાવતા ૨૩ અગ્રતા આધારિત (Priority) ઇન્ડિકેટર્સની વિશેષ પસંદગી કરવામાં આવી છે. આ ૨૩ ઉત્કૃષ્ટ ઇન્ડિકેટર્સ પર સમયબદ્ધ અને સુયોજિત અમલીકરણ કરીને રાજ્યના કુલ સ્કોરમાં નોંધપાત્ર વધારો હાંસલ કરી શકાશે. આ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા અર્થે, સંબંધિત ખાતાના વડાની કચેરીઓએ નીચે દર્શાવેલ કામગીરી આપેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

1. ઇન્ડિકેટર નંબર : 5.2 અને 5.3

- **Indicator Names:**

- **5.2:** Percentage of schools having system to capture students attendance digitally - For Government and Aided schools
- **5.3** : Percentage of schools having system to capture teachers attendance digitally - For Government and Aided schools

- કામગીરી: સરકારી અને અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની દૈનિક ઓનલાઈન/ડિજિટલ હાજરી નિયમિત નોંધવામાં આવે છે. આથી UDISE+ પોર્ટલ પર ઉપલબ્ધ વિકલ્પોમાં યોગ્ય (Electronically) અને સચોટ માહિતી અપડેટ કરવી તથા હાલના નિયમો અનુસાર જરૂરી ડેટા કરેક્શન પૂર્ણ કરવું.
- અમલીકરણ: સમગ્ર શિક્ષા, ગુજરાત
- સમયમર્યાદા: તા:20/09/2026 સુધીમાં

2. ઈન્ડિકેટર નંબર : **3.4a**
   - **Indicator Name:** Percentage of schools offering pre-vocational exposure at Upper Primary level
   - **કામગીરી:** ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ (ધોરણ 6 થી 8) વિદ્યાર્થીઓને આપવામાં આવતા પ્રી-વોકેશનલ એક્સપોઝર અને કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓની સ્થિતિ ચકાસીને UDISE+ મોડ્યુલમાં 100% ડેટા વેલિડેશન અને કરેક્શન પૂર્ણ કરાવવું.
   - અમલીકરણ: સમગ્ર શિક્ષા, ગુજરાત
   - સમયમર્યાદા: તા:20/09/2026 સુધીમાં

3. ઈન્ડિકેટર નંબર : **6.2**
   - **Indicator Name:** Percentage of schools where teachers are providing career counselling and guidance to children - Government Schools (Secondary & Higher Secondary)
   - **કામગીરી:** સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને વિદ્યાર્થીઓ માટે કેરિયર કાઉન્સેલિંગ અને માર્ગદર્શન પૂરૂં પાડવા માટે નિષ્ણાતો (તજજ્ઞો) દ્વારા BISAG (બાયસેગ) ના માધ્યમથી રાજ્યવ્યાપી ઓનલાઈન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવું.
   - **અમલીકરણ:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB)
   - **સમયમર્યાદા:** તા:30/09/2026 સુધીમાં

4. ઈન્ડિકેટર નંબર : **5.10**
   - **Indicator Name:** Percentage of children receiving orientation on cyber safety to students - All Schools

- કામગીરી: તમામ શાળાઓના વિદ્યાર્થીઓને સાયબર સેફ્ટી (Cyber Safety) અંગે જાગૃત કરવા માટે CIET (Central Institute of Educational Technology)ના કરેલ પ્રયાસો મુજબ વિશિષ્ટ તાલીમ મોડ્યુલ્સ અને ઓડિયો-વિઝ્યુઅલ વિડિયોઝ તૈયાર કરી ઓરિએન્ટેશન કાર્યક્રમોનું સંચાલન કરવું.
- અમલીકરણ: GCERT અને GET (Gujarat Educational Technology)
- સમયમર્યાદા: તા:31/10/2026 સુધીમાં

5. ઇન્ડિકેટર નંબર : **6.1**
   - **Indicator Name:** Percentage of schools having trained teachers for teaching CWSN
   - કામગીરી: દિવ્યાંગ (CWSN) બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે શાળાઓના શિક્ષકોને વિશેષ શૈક્ષણિક પદ્ધતિઓ અને કૌશલ્યોથી સજ્જ કરવા બાયસેગ (BISAG) ના માધ્યમથી વિષય નિષ્ણાતો દ્વારા તજજ્ઞ તાલીમ પૂરી પાડવી.
   - અમલીકરણ: GCERT
   - સમયમર્યાદા: તા:31/10/2026 સુધીમાં

6. ઇન્ડિકેટર નંબર : **3.12**
   - **Indicator Name:** Percentage of schools having Kitchen Garden - All Schools
   - કામગીરી: શાળાઓમાં કિચન ગાર્ડન (પોષણ વાટિકા) ના નિર્માણ અર્થે ઇકો ક્લબ (Eco Club) અંતર્ગત મળતી ગ્રાન્ટનો સુચારુ ઉપયોગ કરવા માટે નવી માર્ગદર્શિકા (SOP) પ્રસિદ્ધ કરવી અને તમામ શાળાઓમાં તેનો અમલ કરાવવો.
   - અમલીકરણ: સમગ્ર શિક્ષા, ગુજરાત
   - સમયમર્યાદા: તા:30/09/2026 સુધીમાં

7. ઇન્ડિકેટર નંબર : **5.15**
   - **Indicator Name:** Percentage of schools who have received assistance through Vidyanjali Portal - Government and Aided Schools
   - કામગીરી: સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને સમુદાય અને સ્થાનિક સ્વયંસેવકો/સંસ્થાઓ તરફથી મળતી ભૌતિક કે શૈક્ષણિક સહાયનું વિદ્યાંજલિ પોર્ટલ (Vidyanjali Portal) પર નોંધણી (Registration) અને ટ્રેકિંગ થાય તે માટે નવી વિસ્તૃત માર્ગદર્શિકા બહાર પાડવી.
   - અમલીકરણ: સમગ્ર શિક્ષા, ગુજરાત
   - સમયમર્યાદા: તા: 30/09/2026 સુધીમાં

8. ઇન્ડિકેટર નંબર : **4.12**

- **Indicator Name:** Percentage of schools having assistive tech-based solutions for CWSN - All Schools
- કામગીરી: CWSN (દિવ્યાંગ) વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજી આધારિત સહાયક સાધનો (Assistive Tech-based Solutions) ઉપલબ્ધ કરાવવા માટે Corporate Social Responsibility (CSR) મોડેલ હેઠળ I T કંપની સાથે સમજૂતી કરાર (MoU) કરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.
- અમલીકરણ: સમગ્ર શિક્ષા, ગુજરાત
- સમયમર્યાદા: તા:31/10/2026 સુધીમાં

9. ઇન્ડિકેટર નંબર : **3.2a, 3.1b, 3.9a** અને **3.9b**

- **Indicator Names:**
  - **3.2a:** Percentage of schools having integrated Science lab facility upto Secondary level
  - **3.1b :** Percentage of schools having Smart Classes - All Schools
  - **3.9a :** Percentage of Co-ed and girls schools having Sanitary Pad vending Machine - For schools having Secondary and Higher Secondary Sections
  - **3.9b :** Percentage of Co-ed and girls schools having functional incinerator in girls toilets - For schools having Secondary and Higher Secondary Sections
- કામગીરી:
  1. ગ્રાન્ટેડ અને બિન-અનુદાનિત (ખાનગી) શાળાઓમાં બોર્ડના વિનિયમો અનુસાર ઇન્ટિગ્રેટેડ સાયન્સ લેબ, સ્માર્ટક્લાસ/ડિજિટલ ક્લાસરૂમ, કિશોરીઓની આરોગ્ય વિષયક જરૂરિયાતો માટે સેનિટરી પેડ વેન્ડિંગ મશીન અને ઇન્સિનરેટર (Functional Incinerator)ની સુવિધા ફરજિયાતપણે ઉપલબ્ધ કરાવવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અધિકૃત પરિપત્ર/પત્ર કરવો.
  2. સરકારી શાળાઓ માટે સમગ્ર શિક્ષા હેઠળના ઉપલબ્ધ બજેટ કોમ્પોનેન્ટમાંથી આ સુવિધા સુનિશ્ચિત કરવી.
- અમલીકરણ: ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ / સમગ્ર શિક્ષા (સરકારી શાળાઓ માટે)
- સમયમર્યાદા: તા:30/09/2026 સુધીમાં (બોર્ડ પરિપત્ર) / ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન (સમગ્ર શિક્ષા)

10. ઇન્ડિકેટર નંબર : **3.4b , 3.5d, 3.5c, 3.5b, 3.5a**

- **Indicator Names:**
  - **3.4b :** Percentage of Schools offering any vocational course under NSQF at Secondary and

Higher Secondary level- Govt and Govt Aided Schools

- 3.5d: Percentage of students self employed after receiving vocational Education - Class 12
- 3.5c: Percentage of students self employed after receiving vocational Education - Class 10
- 3.5b: Percentage of students who got placed after receiving vocational Education - Class 12
- 3.5a: Percentage of students got placed after receiving vocational Education - Class 10

- કામગીરી: માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ NSQF અંતર્ગત વોકેશનલ શિક્ષણ માટે નવી નીતિ ઘડવી તથા ધોરણ 10 અને 12 માં વોકેશનલ શિક્ષણ મેળવ્યા બાદ પ્લેસમેન્ટ (રોજગારી) મેળવનાર તથા સ્વરોજગારી (Self-employed) પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પાસ આઉટ પછીનું ફોલો-અપ અને પ્લેસમેન્ટ ઓનલાઈન રજિસ્ટર તૈયાર કરી UDISE+ મોડ્યુલમાં ટ્રેકિંગ અને ડેટા એન્ટ્રી કરવી.
- અમલીકરણ: શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ (સંયુક્ત અમલવારી: ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ અને સમગ્ર શિક્ષા)
- સમયમર્યાદા: તા:30/09/2026 સુધીમાં (ઠરાવ)

11. ઈન્ડિકેટર નંબર : 3.13 અને 3.15

- **Indicator Names:**
  - **3.13 :** Percentage of schools having functional Rain water harvesting facility - All Schools
  - **3.15:** Percentage of schools having functional solar panel - All Schools
- કામગીરી: SQAAF (School Quality Assessment and Accreditation Framework) અને PGI માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શાળાઓને પ્રોત્સાહન (Incentive) સ્વરૂપે સોલર પેનલ અને રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ મંજૂર કરવા માટેની નવી પ્રોત્સાહક યોજના ઘડીને નીતિ વિષયક નિર્ણય લેવો.
- અમલીકરણ: શિક્ષણ વિભાગ દ્વારા યોજનાકીય ઠરાવ (અમલવારી: સમગ્ર શિક્ષા)
- સમયમર્યાદા: તા:30/09/2026 સુધીમાં (ઠરાવ)

12. ઈન્ડિકેટર નંબર : 5.13 અને 5.14

- **Indicator Names:**
  - **5.13:** Percentage of Out of School Children (OoSC) identified as per PRABANDH Portal
  - **5.14:** Percentage of OoSC mainstreamed as per PRABANDH Portal
- કામગીરી: સમગ્ર શિક્ષા દ્વારા પ્રબંધ (PRABANDH) પોર્ટલ પર શાળાનિર્માણ અને ડ્રોપ-આઉટ થયેલા (OoSC) બાળકોની

સર્વેક્ષણ આધારિત થયેલી ડેટા એન્ટ્રીની ચકાસણી (Verification) કરવી અને આ બાળકોને શાળામાં પુનઃ નામાંકિત (Mainstream) કરવા અંગેની સુગ્રથિત કાર્યયોજના અમલી બનાવવી અને PRABANDH Portal પર એન્ટ્રી અપડેટ કરવી.

- અમલીકરણ: સમગ્ર શિક્ષા, ગુજરાત
- સમયમર્યાદા: તા:30/09/2026 સુધીમાં

13. ઇન્ડિકેટર નંબર : 5.4

- **Indicator Name:** Percentage of Anganwadi Center(s) co-located in the school Premises - Government and Government Aided Schools
- કામગીરી: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) ની ભલામણો અનુસાર ધોરણ 1 ધરાવતી તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના કેમ્પસમાં આંગણવાડી કેન્દ્રોને સહ-સ્થાનિક (Co-locate) કરવા માટે શિક્ષણ વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે નવી નીતિ/યોજના તૈયાર કરી ઠરાવ બહાર પાડવો.
- અમલીકરણ: શિક્ષણ વિભાગ તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગ (સંયુક્ત અમલવારી : નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી અને આંગણવાડી પ્રોગ્રામ ઓફિસર (ICDS))
- સમયમર્યાદા: તા: 31/10/2026 સુધીમાં (ઠરાવ)

ઉક્ત Performance Grading Index (PGI) અંતર્ગત નક્કી કરાયેલા ૨૩ અગ્રતા ધરાવતા ઇન્ડિકેટર્સ પર સમયબદ્ધ, સુયોજિત અને ક્ષતિરહિત કામગીરી કરીને રાજ્યના શૈક્ષણિક ગુણવત્તા સ્કોરમાં નોંધપાત્ર વધારો હાંસલ કરવાનો સુસ્પષ્ટ ધ્યેય છે. આ લક્ષ્યાંકને નિયત સમયમર્યાદામાં સિદ્ધ કરવા અર્થે તમામ સંબંધિત કચેરીઓ, અમલીકરણ અધિકારીશ્રીઓ અને શૈક્ષણિક ટીમો પરસ્પર ઉત્કૃષ્ટ સમન્વય જાળવી સામુહિક પ્રયાસો હાથ ધરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-Sign/-**

(એસ. આઇ. ગોહિલ)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-10 બી, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-12, ગાંધીનગર.